Permitted to post at Ahd. P.S.O. on Tuesday everyweek Under. Regd.No. : AHD-C/24/2018-2020 issued by SSP Ahd. Valid. up to dated 31-12-2020

વાદવિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

ISSN-2454-9622

To,

# અરવલ્લી જનજીવન

અરવલ્લી જનજીવન – સૂર્ય અને કણી વગર જીવન નહીં

સાપ્તાહિક

ARAVALLI JANJIVAN (Weekly)

અમદાવાદથી દર મંગળવારે પ્રસિદ્ધ થતું અંબાજી વાયા માનગઢથી ઉમરગામ સુધીની વિશ્લેષણાત્મક માહિતીસભર ગુજરાતી સાપ્તાહિક

• Year-7 • Issue No. 33 • Dt. 28-07-2020, Tuesday • Page : 4 • Price : Rs.5/- • ANNUAL SUBCRIPTION. Rs. 200/- • R.N.I. Reg. No. : GUJGUJ/2013/54129 • E-mail : pandav.vijay4u@gmail.com

• Printed / Publisher / Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI. M. 98255 86207 ❑ Office : F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013.

## તંત્રીલેખ......

### તણાવને હરાવવાનો રામબાણ ઈલાજ ખુશ રહો, મસ્ત રહો

કોરોના વાયરસના કારણે ઉદ્ભવેલી વૈશ્વિક મહામારીથી બચવાનો એક માત્ર ઈલાજ હતો લોકડાઉન. ભારત સહિત વિશ્વના ઘણા દેશોએ આ ઈલાજ અપનાવ્યો અને ઘણા ખરા અંશે કારગત નીવડ્યો પણ ખરા. લોકડાઉનથી કોરોના સામેની લડાઈમાં તો મહ્દઅંશે સફળતા પ્રાપ્ત થઈ. પરંતુ લોકડાઉન પોતાની સાથે બીજી અનેક સમસ્યાઓ પણ લઈને આવ્યું. ધંધા-રોજગાર બંધ થવાથી નાણાભીડ સર્જાઈ; શિક્ષણ તંત્ર ખોરંભે ચડયું; અનેક સરકારી ભરતીઓ મુલતવી રખાઈ; સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ભાઈ-બહેનોએ આ વખતે તનતોડ મહેનત કરી હતી અને આ વખતે તો પરીક્ષામાં ઉર્તીણ થઈ જ જઈશ તેવો આત્મવિશ્વાસ પણ હતો. પરંતુ તે પરીક્ષાઓ જ રદ થઈ; ધંધામાં કોઈ મહત્ત્વપૂર્ણ ડીલ ફાઈનલ થવામાં જ હતી પણ લોકડાઉન નડી ગયું; આ વેકેશનમાં કોઈ ખાસ યાત્રાનું આયોજન હતું પણ લોકડાઉન નડી ગયું. આખો દિવસ માત્ર ઘરમાં જ રહેવાનું અને કયાંય કોઈ અવરજવર નહીં. આવી કેટલીય સમસ્યાઓ લોકડાઉનના કારણે ઉદ્ભવી અને આ સમસ્યાઓ પોતાની સાથે લઈને આવી માનસિક તણાવ, આપણી સજાગતા, સાવચેતી અને દરકાર થકી કોરોનાની વિપદામાંથી બચવામાં સફળ રહ્યા તે વાતનો આનંદ છે. પરંતુ આ માનસિક તણાવ એક અથવા બીજી રીતે આપણને ઘેરી વળ્યો હોય તેવું બની શકે. જો તેનો સમયસર ઈલાજ ન કરવામાં આવે તો આ માનસિક તણાવ માનવજાત માટે ખતરારૂપ સાબિત થઈ શકે તેમ છે. આ માનસિક તપાવને હરાવવાનો એક માત્ર રામબાણ ઈલાજ છે; ખુશ રહો, મસ્ત રહો. કોરોના વાયરસના ઈલાજ માટે વિશ્વભરમાં હજી કોઈ દવા કે રસી શોધાઈ નથી એટલે તેનો કોઈ તાત્કાલિક ઈલાજ કે તેનાથી બચાવ માટેના કોઈ આગોતરા એન્ટિડલટ્સ પણ મળ્યા નથી. હજુ કયાં સુધી આ વાયરસ માનવજાતને પરેશાન કરશે તે પણ કહી શકાય તેમ નથી. આવી પરિસ્થિતિમાં આપણા માટે એક માત્ર રસ્તો બચ્યો છે, 'કોરોના સાથે જીવતા શીખવું.'

અરવલ્લી જનજીવનમાં છપાતા લેખો, આર્ટીકલો તેમજ ધર્મ અંગે છપાતી માહિતી માટે જે તે લેખકો જવાબદાર રહેશે. પ્રકાશક આ લેખો માટે જવાબદાર ગણાશે નહીં તેની નોંધ સર્વ વાચકોએ લેવી.

તંત્રી : અરવલ્લી જનજીવન

## લવાજમ તથા છૂટક નકલ મેળવવા માટે સંપર્ક કરો

બ્યુરોચીફ : અશોકભાઈ પાંડર મો. ૯૪૨૮૪ ૧૦૪૩૦

★ "અરવલ્લી જનજીવન" સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ૨૦૦/- અને આજીવન સભ્ય ફી રૂ. ૨૦૦૦/- ભરી આપ ઘરે બેઠા સાપ્તાહિકની નકલ મંગાવી શકો છો.

★ જે વાચક મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ હોય અને જેનું એક વર્ષ પૂર્ણ થતું હોય તેઓએ તાત્કાલિક વાર્ષિક લવાજમ ભરી દેવું. જે વાચકમિત્રોને લવાજમ ભરવું હોય તેઓએ "અરવલ્લી જનજીવન"ના નામનો ચેક અથવા ડ્રાફ્ટ કાર્યાલયના સરનામે મોકલાવી આપવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) લાલાભાઈ | પોશીના | ૮૧૨૮૧ ૬૪૦૯૭ |
| (૨) રાજેશભાઈ | દાંતા | ૯૯૯૮૧ ૦૪૧૯૦ |
| (3) દિપક ડાભી | ઈકબાલગઢ | ૯૮૯૮૯ ૬૭૬૮૦ |
| (૪) રામજીભાઈ | ખેડબ્રહ્મા | ૯૭૨૫૧ ૭૫૮૬૩ |
| (૫) ચામુંડા ઝેરોક્ષ | વિજયનગર | ૯૪૨૯૪ ૬૨૨૫૪ |
| (૬) નાગજીભાઈ ભીલ | પાટણ | ૯૭૨૬૭ ૧૮૬૨૧ |
| (૭) બાબુભાઈ | પાલનપુર | ૯૪૨૬૫ ૧૪૩૩૬ |
| (૮) રમેશભાઈ | ખેરગામ | ૯૪૨૬૮ ૪૬૪૪૦ |
| (૯) વસંતભાઈ રાઠવા | વડોદરા | ૯૭૧૪૨ ૬૪૦૮૧ |
| (૧૦) પ્રવિણભાઈ | મહિસાગર | ૯૫૧૨૮ ૭૨૩૯૨ |
| (૧૧) A/c કાલુભાઈ | કતવારા (દાહોદ) | ૯૫૮૬૬ ૦૦૩૧૦ |
| (૧૨) ગામીત રાજેશ | વ્યારા | ૯૯૨૫૩ ૬૧૯૭૫ |
| (૧૩) ધનંજય | મોડાસા | ૮૪૯૦૯ ૯૯૩૦૭ |
| (૧૪) A/c હરસિંગભાઈ | જાલત (દાહોદ) | ૭૮૭૪૪ ૭૭૯૪૧ |
| (૧૫) A/c ભાવસિંગભાઈ | જેસાવાડા(દાહોદ) | ૯૭૨૬૪ ૬૬૯૬૩ |
| (૧૬) A/c અંબાલાલ | મહારાષ્ટ્ર | ૯૮૨૨૨ ૭૪૯૮૮ |
| (૧૭) ડો. એલ.જી.કટારા | ભિલોડા | ૯૪૨૭૬ ૯૪૫૫૦ |
| (૧૮) A/c સતીષભાઈ | વડોદરા | ૮૧૬૦૫ ૦૬૭૫૭ |
| (૧૯) ચુનિલાલ પાંડવ | વિજયનગર | ૯૯૧૩૮ ૪૭૯૦૯ |
| (૨૦) જગદીશભાઈ | ખેડબ્રહ્મા | ૯૪૨૭૦ ૩૮૮૭૪ |
| (૨૧) A/c ઠાકોરભાઈ | ભરૂચ જિલ્લો | ૯૪૨૯૩ ૩૮૪૭૨ |
| (૨૨) વિજય મછાર | દાહોદ જિલ્લો | ૭૮૭૪૨ ૬૧૩૦૮ |
| (૨૩) સવજીભાઈ | મહેસાણા જિ. | ૯૭૨૬૬ ૦૯૮૬૮ |
| (૨૪) A/c સબુરભાઈ | માતવા (દાહોદ) | ૯૫૮૬૫ ૪૦૫૨૯ |
| (૨૫) A/c દશરથભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૫૪૯૪ ૯૪૬૪૮ |
| (૨૬) મુકેશ પટેલ | વાપી | ૮૫૩૦૫ ૫૮૮૭૭ |
| (૨૭) A/c શંકરભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૯૫૦૮ ૭૬૭૩૪ |
| (૨૮) કલ્પેશ પટેલ | વલસાડ | ૯૯૨૫૫ ૧૮૨૫૪ |
| (૨૯) ઓમપ્રકાશભાઈ | ભૂજ | ૯૮૨૫૦ ૭૦૫૧૭ |
| (30) દિલીપ જે. ડગલા | ઝાલાવાડ | ૯૩૭૫૨ ૬૯૯૫૦ |
| (3૧) શંકરભાઈ | ગાંધીનગર | ૯૯૭૮૫ ૮૭૧૨૭ |
| (3૨) હિતેશભાઈ | ચિઠોડા | ૭૫૭૪૦ ૭૬૫૧૧ |
| (33) A/c જમસુભાઈ | કપરાડા | ૯૭૧૪૭ ૨૨૧૫૯ |
| (3૪) A/c સુરેશ ડામોર | વિરપુર | ૯૭૨૬૫ ૧૨૯૩૭ |
| (3૫) રવજીભાઈ પાંડોર | ધોલવાણી-વિજયનગર | ૯૪૨૭૦ ૫૮૦૪૨ |
| (3૬) પ્રો. નટુભાઈ ગામિત | નવસારી | ૭૮૭૮૩ ૩૦૨૦૦ |
| (3૭) સમીરભાઈ ડામોર | ઓઠ-ભિલોડા | ૯૦૯૯૫ ૯૫૧૪૩ |
| (3૮) પ્રકાશ માજીરાણા | કપડવંજ | ૮૭૩૪૮ ૭૨૬૮૧ |
| (3૯) સંજય શર્મા | મોડાસા | ૯૭૨૫૪ ૭૦૮૮૫ |

હેલ્પ લાઈન : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭

વોટ્સઅપ : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭

# આદિવાસી મજૂરો સાથે સંવેદનહીન વ્યવહાર

ડો. સુભાષ પાંડર

ભીલપ્રદેશમાં રહેતા આદિવાસીઓને રોજગારી માટે બાંધકામ, રસ્તા, પુલ, ઉદ્યોગ, ખેતી કામ માટે સ્થળાંતર કરવું પડે છે. કોવિડ-૧૯ મહામારીના કારણે લોકડાઉન થતા આદિવાસી મજુરની સ્થિતિ સંવેદનહીન બની હતી. કોરોના વાયરસ કૃત્રિમ છે કે કુદરતી તે તો ટ્રમ્પ અને જિનપિંગનો ખબર હોય કોરોના મહામારી કુદરતી હશે પણ આદિવાસી મજૂરોની સંવેદનહીન સ્થિતિ સરકાર સર્જિત કહી શકાય. બસોથી ચૌદસો કિલોમિટર માથે પોટલા, બાળકને કેડે અને પેટમાં બાળક લઈને માસિકમાં હોય તેવી સ્ત્રીઓ ભૂખ્યા અને તરસ્યા પોલીસની લાઠી ખાતા વતનની વાટ પકડી. આ સંવેદનહીનતાને સોશિયલ મીડીયા કે અન્ય મીડીયા દ્વારા જાણવા મળી છે. સત્તાધીશનો વ્યવહાર આદિવાસી મજૂરો સાથે સંવેદનહીન રહ્યો છે.

સરકાર સાવ નાદાર નથી થઈ ગઈ કે ત્રાજવા જુદા છે. એક રાજયમાંથી બીજા રાજ્યમાં ખૂબ જ સંવેદનશીલ રીતે વિદ્યાર્થીઓને સરારે તેમના ઘરે પહોંચાડચા, જાત્રાએ ગયેલા ભકતોને ભક્તિભાવે પરત લાવવાની વ્યવસ્થા થઈ. વિદેશથી ફસાયેલાઓને ભારતમાં લાવવામાં આવ્યા. ભાષણોમાં નેતાઓ શ્રમિકોને દેશની કરોડરજ્જૂ તરીકે ઓળખાય છે ત્યારે હદ થઈ કે મજૂરો પાસેથી ટ્રેનમાં જવાનું ભાડુ લેવામાં આવ્યું. ચૂંટણી વખતે હજારો અને લાખોની સંખ્યામાં પ્રજાને ભેગા કરનાર એ વખતે મેનેજમેન્ટવાળા દેખાતા નથી. ધર્મના નામે ધતિંગ કરનાર દેખાતા નથી. અંબાજી,




પાવાગઢ, ડાકોર કે અન્યા યાત્રાધામોમાં જતી વખતે જે સેવા કાર્યો થાય છે તેવા સેવા કાર્યો થયા નહીં. કેટલાક અંશે સેવાસેતુ જેવા આદિવાસી યુવાનો બહાર આવ્યો અને પોલીસોના ડંડા ખાઈને પણ સેવા કરી તે વાસ્તવિકતા છે. નિવૃત અધિકારીઓ ઘરમાં ભરાઈ રહ્યા અને સંગઠનો ચલાવતા હોદેદારો પણ ખાસ કઈ કરી શકયા નથી. એકાદ બે ચાલુ અધિકારીઓએ મજૂરોની ઘરવાપસી માટે મદદ કરી તે પણ નોંધનીય છે. કોરોનાના ભયથી સંબંધિઓ, કુટુંબો અને ગામ દ્વારા પણ આદિવાસી મજૂરોનો અનાદર થયો. મહારાષ્ટ્રમાં ટ્રેનના પાટા ઉપરૈ ઘી જઈને હંમેશાના માટે ઘરવાસી કરી ગયેલા મજુરોની ઘટના યાદ કરવી એ દયનીય છે. લાખો મજૂરો રસ્તે રઝડી પડચા. તેમાંથી કેટલાકને શહેરમાંય દિવસ માટે કોરોન્ટાઈન કર્યા. શહેરમાં નોકરી કરતા પોલીસ અને આરોગ્યમાં નોકરી કરતા લોકો પણ ગામડે પોતાના ઘરે રાત્રે અંધારમાં પહોંચતા અને સવારે અજવાળુ થાય તે પહેલા પરત જવતા રહેતા હોવાના અનેક દાખલાઓ જોવા મળ્યા છે. પોતાના ઘરે પણ કોરોન્ટાઈન થવાના બીકે સંતાઈને જવું પડતું હતું.

ટ્રમ્પની અમદાવાદ ખાતે મુલાકાત વખતે દોઢ લાખ પ્રજાનો ભેગી કરી શકનાર અને દેશના ફૂડ પેકેટ, પાણી, છાશ, ગાંઠિયા અપાવનાર તંત્ર પાસે રસ્તે રજળતા આદિવાસી મજૂરોની ઘરવાપસી માટે કોઈ સંવેદનશીલતા જોવા મળી નથી.

મકાન અને અન્ય બાંધકામ શ્રમમંત્રીઓ, કલ્યાણ બોર્ડ પાસે લગભગ રૂ. ૭૨,૦૦૦ જેટલી રકમ છે. જે બાંધકામ ક્ષેત્રે કાર્યરત કંપનીઓ પાસેથી સેસ લેવામાં આવે છે. આ તેમની આવકની રકમ છે. પૈસા કે રૂપિયાની જ નથી. સંવેદનશીલ વ્યવહારનો પ્રશ્ન છે. સમાચાર પત્ર ન્યુઝ ચેનલમાં ચર્ચા કરનારાઓ આદિવાસી મજૂરો સાથે સંવેદનહીન વ્યવહાર મુદ્દે સૂળ થઈ ગયા હતા. પરંતુ સોશીયલ મીડિયામાં કેટલીક બાબતો આવી હતી. તે નજર સામે છે.

**ભાષણોમાં નેતાઓ શ્રમિકોને દેશની કરોડરજ્જૂ તરીકે ઓળખાવે છે જ્યારે કોરોનાની મહામારીમાં મજૂરોને વતન પરત જવા તેમની પાસેથી ટ્રેનમાં જવાનું ભાડુ લેવામાં આવ્યું. જ્યારે જાત્રાએ ગયેલા ભક્તોને ભક્તિભાવે પરત લાવવાની વ્યવસ્થા થઈ. વિદેશથી ફસાયેલાઓને ભારતમાં લાવવામાં આવ્યા ત્યારે કોઈ પણ પ્રકારનું ભાડું લેવામાં આવેલ નથી.**

# આદિવાસી વિસ્તાર સાબરકાંઠામાં યોજાયેલ ગ્રામસભા અન્વયે થયેલ ચર્ચાઓ : ભાગ-૨

પ્રો. જે.સી. પટેલ

આદિવાસીઓમાં જાગૃતિ આવે, બંધારણમાં આપવામાં આવેલા અધિકારોથી પરિચિત બને અને તેનો અમલ થાય તે માટે હંમેશા પ્રયત્નો આદિવસીઓ કરતા રહે તે માટે મુ. આદરણીય અશોકભાઈ પાંડવ અને તેમના ચિ. વિજયભાઈ પાંડવ તેમજ તેમની સમગ્ર ટીમ તરફથી સાબરકાંના ગામડાંઓમાં ગ્રામસભાની જાગૃતિ અન્વયેના કાર્યક્રમો કરવામાં આવ્યા. જેમાં ધીરે ધીરે લોકોની સંખ્યામાં વૃદ્ધિ થતી ગઈ અને ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા માણસો એકત્રિત થવા લાગ્યા. આવા એકત્રિત થયેલ વ્યક્તિઓમાં આદિવાસીઓ માટેના જે બંધારણીય અધિકારો છે તેના વિશેના વિચારબીજ ચોક્કસ વવાયા. હવે જે અને જો આ પ્રવાહ અવિરત ચાલુ રહેશે તો હું માનું છું કે તેના નક્કર પરિણામો આવશે જ. પરંતુ તે પહેલાં જે કેટલીક વિઘટનાત્મક તાકતો છે તે આ સમાજે ઓળખવી પડશે. જેમાં સૌથી વધુ તાકાત રાજકીય છે. જે પણ સત્તા પર રહી શાસન કરે છે તેઓ સૌથી મોટી તાકાત ધરાવે છે. એ પછીથી વહીવટી શાસન, કાયદાનું શાસન અને તેને ટેકો પૂરા પાડતા અન્ય તંત્રો જેમાં શિક્ષણ અને ધર્મ. આ તાકાતોને ઓળખ્યા વગર પરિણામ નહિ આવશે માટે ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીએ. આદિવાસી એકતાને તોડાનારા પરિણામોને જાકારો આપી નેજ છૂટકો. આદિવાસીત્વનો જે પણ વ્યક્તિ ભાવ જગાડે તે પ્રમાણે વર્તન કરે. કયાંય પક્ષપાત ન કરે. હંમેશા આદિવાસી સમાજનું હિત અને ભલુ ઈચ્છે તેવી વ્યક્તિઓને ઓળખી એક મત થઈને અને આવી વ્યક્તિઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો રહે તો આદિવાસી સમાજ અન્ય સમાજ કરતા સોહાદપૂર્ણ જીવન જીવી શકશે.

જે વ્યક્તિઓ ચર્ચા કરે છે તેમાં સૌ પ્રથમ આદિવાસી ઓ જ દેશના મૂળવાસી છે. (મૂળમાલિક છે) અને ભારતનું બંધારણ અમલમાં આવ્યા પહેલાં આદિવાસીઓ જ્યાર આગળ જે પ્રદેશમાં રહેતા હતા ત્યાં સંપૂર્ણ સ્વાયતા બને. આજુબાજુના તમામ કુદરતી સ્રોતોનો ઉપર તેમની સાર્વત્રિક માલિક હતી. આ પ્રદેશમાં બહારથી ભાગ્યેજ અન્ય વ્યક્તિઓ આવતી હતી. પરંતુ સ્વતંત્રતા પછી સ્થિતિ બદલાઈ ગઈ અને આ પ્રદેશોમાં વેપારીઓ, કોન્ટ્રાકટરો અને સરકારી અધિકારીઓ વગેરેનો પ્રવેશવા લાગ્યા. આ માટે તેમણે મુખ્ય હથિયાર તરીકે વહીવટી શાસનની આંટીઘૂંટીઓ અને કાયદાના કાનૂનનો આશરો લીધો. પરિણામે આદિવાસીઓને જંગલ કાપવા માટે મજૂર બનાવી દીધા અને ઈમારતી લાકડાનો ઉપયોગ સાધનસંપન્ન વર્ગ રાચરચીલું બનાવીને કરવા લાગ્યો. તેવી જ રીતે પાણીનો સંગ્રહ આદિવાસી વિસ્તારામં કરીને સિંચાઈની સુવિધા અન્ય વિસ્તારોમાં કરી બીજી તરફ આદિવાસી પાણીથી વંચિત રહ્યો તે માટે તેણે પોતાની જમીન, ઘર, પ્રાણીઓ વગેરે ગુમાવ્યું પડ્યું. વિકાસની નીતિ સમાજના અગ્રગણ્ય વર્ગ એવી કરી કે જેમાં તેઓને કોઈ જ ખ્યાલ આવવા દીધો નહીં. આદિવાસી વર્ગમાંથી જે વર્ગ જાણકારી ધરાવતો હતો તે વિરોધ કરે તેવો હતો તેને ફોડી નાંખ્યો. જેથી આવો વર્ગ સાધનસંપન્ન વર્ગ સાથે ભળી ગયો. આજે પણ આ વર્ગ અસ્તિત્વ ધરાવતો રહ્યો છે. ત્રીજું કે આદિવાસી જમીન બિનઆદિવાસી ખરીદી શકતો નથી. તેમ છતાં આદિવાસી વિસ્તારોમાંથને અનેક વ્યક્તિઓએ જમીન ખરીદી અને જેની સામે અત્યાર સુધી કાનૂની રાહે કોઈ પગલા લેવામાં આવ્યા નથી. જો પગલાંજ લેવાના ના હોય તો પછી આવા કાયદાની જરૂર શી ? દિનપ્રતિદિન આદિવાસીઓ જમીન ગુમાવતા જાય છે. આ સંદર્ભમાં આદિવાસીઓ એવું વિચારતા થાય એ ખૂબ જરૂરી છે કે તેમનું સંરક્ષણ અને સલામતિ જળવાય તેવા કાયદાઓ થાય અને તેનું કડકાઈથી પાલન થાય. પણ કોઈ પણ સરકારે આ કરવું નથી. આ સંદર્ભમાં કેટલાય સવાલો ઊભા થઈ શકે છે જેવા કે શું આદિવાસીઓએ કોઈનું શોષણ કર્યું છે ? શું તેઓએ કોઈના સ્રોલ લઈ લીધા છે ? તેમને તેમના વિસ્તારમાંથી સ્થળાંતર કરવું પડયું. શું તેઓ બીજા ઉપર સત્તા જમાવવા કોશિશ કરે છે. શું તેઓ પોતાનો કુદરતી ધર્મ / આદિધર્મ માટે બીજાને દબાણ કરે છે ? આવા અનેક સવાલો પૂછવા જોઈએ.

આદિવાસીઓની ઓળખાણ બીનઆદિવાસી લોકો પોતાની મનફાવે તે રીતે આપે છે. સરકાર તરફથી પણ તેમને હાલ વનવાસી તરીકે સંબોધવામાં આવી રહ્યા છે. કેટલાક લોકો ખૂબ ગંભીર અને પ્રશ્ન ઉઠાવતા જણાવ્યું હતું કે આપણે ૮૦ ટકા તો આદિવાસી સ્થિતિથી જોજન દૂર જતા રહ્યા છીએ. માત્ર ૨૦ ટકા જ બચ્યા છીએ તો ફરી પુનઃ શરૂઆત કરીએ અને આદિવાસીપણું ઉજાગર કરીએ. આપણે હંમેશા એકબીજાને મદદ કરવી જોઈએ. ટેકો આપવો જોઈએ. જેમ પહેલા આદિવાસી સ્વમાનના ભોગે કયારેય વેચાતો ન હતો. આજે શા માટે વેચાવું પડે છે નજીવી બાબતમાં વેચાય જઈએ છીએ એ સારું નથી. પહેલાં આદિવાસી વિસ્તારોમાં કાયદાઓ ન હતા. પરંતુ જીવન જીવવા માટેની પરંપરાઓ હતી અને તેનું આદિવાસીઓ પાલન કરતા હતા. તેમને કયારેય લેખિત કાયદાઓની જરૂર પડી ન હતી. આદિવાસીઓમાં કબીલાઈ રાજાઓ હતા. પરંતુ તેમ છતાં બધા લોકો સ્વતંત્ર હતા. સાચું ગણતંત્ર જ આદિવાસીઓમાં હતું.

એ આદિવાસીઓ એ સમજાની જરૂર છે. કે કાયદો ધારે તેને માલિક બનાવી શકે છે અને ધારે તેને મજૂર બનાવી શકે ?

ગુજરાત રાજયના પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધો-૭ના પુસ્તક સમાજવિજ્ઞાનના પાઠ-૫માં આદિવાસીના સ્થાને વનવાસી શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી કયારેય ઉપયોગ લેવામાં આવ્યો નથી. કોઈ પણ માનવશાસ્ત્રીઓ કે સમાજ વૈજ્ઞાનિકોએ આ શબ્દપ્રયોગ કરવાની હિમાયત કયારેય કરી નથી. કારણ કે 'વનવાસી' શબ્દ પ્રયોગથી આદિવાસી સમાજની સંસ્કૃતિ ઉજાગર થતી નથી. વળી આ શબ્દ પ્રયોગથી 'આદિવાસી' શબ્દની જે મૂળભૂત ધારણાઓ છે તે સ્પષ્ટ થતી નથી. જેથી વિદ્યાર્થીઓ માત્ર એટલું જ સમજશે કે, જે લોકો જંગલમાં કે વનમાં વસે છે.. તેઓ વનવાસી છે. એ સિવાય તેમના મનમાં બીજો કોઈ ખ્યાલ અસ્તિત્વમાં આવશે નહીં વળી જંગલ શબ્દથી આપણે સૌ કોઈ પરિચિત છીએ જેથી એ અંગે વધુ કહેવાની જરૂરિયાત જણાતી નથી. આદિવાસીઓ પરત્વેની કટુતા અને વૈમનસ્ય આ શબ્દથી વધશે તેવું સ્પષ્ટ જણાય છે.

સમગ્ર પ્રકરણમાં આદિવાસીઓના સંદર્ભમાં ઘણી બધી ગેરસમજો અને અસમજતામાં બેમત નથી. જેથી સમગ્ર પ્રકરણ પુનઃ લખાવું જોઈએ કારણે કે આ લખાણમાં અસ્પષ્ટ અને આદિવાસી સંસ્કૃતિ સાથે સુસંગત નથી. અહીં શું હોવું જોઈએ. આદિવાસીઓ કે જે ભારતના મૂળવતનીઓ છે તેમનું જીવન સાદુ, સરળ અને પ્રકૃતિના નિયમો સાથે સંતુલિત જણાય છે. બહારના આક્રમણકારી લોકોએ તેમના વિશેની આ જાણકારીથી આક્રમણ કરી તેઓને પરાજિત કર્યા. તેમ છતાં આદિવાસીઓએ પોતાની ભાષા, પહેરવેશ, ખાનપાન, રહેણીકરણી, રીતરિવાજો વગેરે જાળવી રાખ્યા. આદિવાસીઓએ કયારેય કોઈના માટે અપમાન કર્યું નથી. કોઈની સંસ્કૃતિ વિશે ટીકા કરી નથી. કયારેય કોઈને એમ કહ્યું નથી કેતેઓ પછતા છે. તો શા માટે આપણે આદિવાસીઓ માટે મનઘડત વાતો મૂકવી જોઈએ. તેઓ તેમના વિશે પોતે શું કરે છે તે વાતને જ હંમેશા પ્રાધાન્ય આપવું જોઈએ. અન્યથા આવા પ્રશ્નો સર્જતા રહેશે કહેવાતા સભ્ય સમાજે આ સંદતર બંધ કરવું જોઈએ.

# ગરીબી, નિરક્ષરતા, દેવાની સમસ્યાઓ, જમીન વિહોણાપણું, કૃષક સમસ્યાઓ, શોષણની સમસ્યાઓ

ડૉ.સુભાષ પાંડર

શોષણની સમસ્યાઓ :

આદિવાસી સમુદાયમાં વિભિન્ન સમસ્યાઓ પ્રવર્તે છે. આ સમસ્યાઓમાં ગરીબી, બેકારી, નિરક્ષરતા, દેવું અને શોષણ જેવી મુખ્ય સમસ્યા જોવા મળે છે. આદિવાસી સમાજમાં ભૂમિ સંબંધના પાયા પરની સામાજિક આર્થિક અસમાનતા શોષણનો મુખ્ય સ્ત્રોત છે. કોઈપણ વ્યક્તિ કે જૂથ અન્ય વ્યક્તિ કે જૂથને વળતર આપ્યા વિના કે ઓછું વળતર આપીને પોતાનો સ્વાર્થ સાધવા માટે, લાભો મેળવવા માટે અયોગ્ય રીતરસમથી તેના ઉત્પાદન, આવડત, શારીરિક કામનો ઉપયોગ કરે અથવા વસ્તુ પડાવી લે કે તેની લાચાર સ્થિતિનો ગેરલાભ ઉઠાવે તેને શોષણ કહેવામાં આવે છે. ભારતના આદિવાસી સમુદાયમાં જોવા મળતી શોષણની પરિસ્થિતિ માટે ગરીબી અને બેકારી જવાબદાર માનવામાં આવે છે. લેણદાર અને દેણદાર વચ્ચેનો સંબંધ શોષક અને શોષિત વચ્ચેના સંબંધમાં રૂપાંતર પામે છે, જેમાં લેણદાર વિભિન્ન પ્રકારે દેણદારનું શોષણ કરે છે. આ ઉપરાંત અન્ય રીતે પણ શોષણ થતું જોવા મળે છે. કેટલાક સંજોગોમાં શોષિતો તેમના શોષકોના અત્યાચારનો પણ ભોગ બનતો હોય છે. આમ આદિવાસી સમુદાયમાં શોષણની સ્થિતિ સમસ્યારૂપ માનવામાં આવે છે.

ભારતનાં આદિવાસી સમુદાયમાં પ્રવર્તતી શોષણની સમસ્યા માટે અનેકવિધ પરિબળો જવાબદાર ગણવામાં આવે છે. આદિવાસી સમુદાયમાં જોવા મળતી નિર્વાહલક્ષી અર્થવ્યવસ્થા, અપૂર્ણ અને અસંગઠીત શ્રમબજાર માહિતીનો અભાવ, આદિવાસી વિસ્તારમાં મધ્યસ્થી તરીકે કામ કરતા કોન્ટેક્ટર, માલિક ઠેકેદાર, શ્રમ બજારનું ખંડ-વિભાજન, શાહુકારી ધિરાણ પ્રથા ઉત્પાદન થયા પહેલા વેચાણ વગેરે જવાબદાર પરિબળો શોષણની પ્રથાને ટકાવી રાખે છે.

બ્રિટિશ અમલ દરમિયાન અને પૂર્વેની આદિવાસીઓ જંગલ અને જમીન પરથી જીવનનિર્વાહ ચલાવવા મુક્ત હતા. જંગલ ખાતાના કાયદાને લીધે આદિવાસીઓનો જંગલની પેદાશો મેળવવાનો શિકાર કરવાનો વગેરે હકો નષ્ટ થયા હતા. બીજી બાજુ ગરીબી અને દેવાને લીધે શાહુકારો પાસે તેમની જમીનના ટુકડા ચાલ્યા જવા લાગ્યા. પરિણામે જીવનનિર્વાહના સાધનો લૂંટાઈ ગયા હતા. આદિવાસીઓમાં દેવાનું પ્રમાણ વધતા જતા દેવું ચૂકવી ન શકવાના કારણે લેણદારો તેમની જમીન પડાવી લેવા લાગ્યા. આદિવાસી ક્ષેત્રમાં બિનઆદિવાસીઓના હસ્તક્ષેપથી શોષણની સ્થિતિ ઉદ્દભવી છે. એલ્વિન સમિતિના અહેવાલમાં જણાવ્યા મુજબ 'આદિવાસીઓનો સૌથી મોટો પ્રશ્ન તેમની કંગાલિયત છે.'

આદિવાસીમાં જોવા મળતી શોષણની સમસ્યામાં અઠવાડિક બજારોમાં જોવા મળતો બિન આદિવાસી સમુદાયનો સંપર્ક છે. તેઓની મારફતે ધીમે ધીમે ધીરધારનો ધંધો શરૂ થયો અને આ ધંધાએ શોષણના સાધન તરીકે મોટું રૂપ ધારણ કર્યુ. જેના પરિણામે ગુલામી કે દેવાની સ્થિતિ ઉદ્દભવી દેવાની ચૂકવણીના પેટે આ પ્રકારની ચાકરી કે વેઠ કરનારને માત્ર ખાવાનું અને કપડાં જ મળતા. આમ વંશપરંપરાગત ચાલતું હતું. જેનાથી આદિવાસીઓ પોતાની જમીન ગુમાવવા લાગ્યા અને પરિણામે શોષણનો ભોગ બનવા લાગ્યા હતા.

આદિવાસી સમુદાયમાં જોવા મળતી શોષણની સમસ્યા હલ કરવા માટે વિભિન્ન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આદિવાસીઓ સહકારી મંડળીઓ, વાણિજ્ય બેંકો, ગ્રામ વિકાસ બેંકો કે સરકાર તરફથી ધિરાણ મેળવે છે. આદિવાસી વિકાસ સાધવામાં અને આત્મનિર્ભર બનવામાં સહાયરૂપ બને છે. આદિવાસી સમુદાયમાં હાળીપ્રથા કે બંધવા મજૂરની પ્રથા શોષણનું સ્વરૂપનું પરિણામ ગણવામાં આવે છે. બંધવા મજૂરોનાં પુનર્વસન અને કલ્યાણ દ્વારા પરંપરાગત શોષણમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. આદિવાસી સમુદાયમાં ધીર-ધારના વ્યવસાય સંબંધી વિભિન્ન કાયદાઓ ઘડવામાં આવ્યા છે, પરંતુ તેનું અસરકારક પરિણામ જોઈ શકાયું નથી. આ રીતે આદિવાસી સમુદાયમાં શોષણની સમસ્યા હળવી બનાવવાના અનેકવિધ પ્રયાસો કરવામાં આવ્યા છે.

આદિવાસી સમુદાયમાં અનેકવિધ સમસ્યાઓ પ્રવર્તે છે. આદિવાસીઓની સમસ્યા તેમનાં ભૌગોલિક વસવાટ અને અર્થવ્યવસ્થા સાથે સંબંધિત છે.આદિવાસી સમુદાયમાં પરંપરાગત જંગલ પરનાં અધિકારો ગુમાવતા તેઓની આર્થિક પ્રવૃત્તિમાં પરિવર્તન ઉદ્દભવ્યું. ભારતના કેટલાક આદિવાસી સમુદાયોનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતી સાથે સંબંધિત અન્ય પ્રવૃત્તિ જોવા મળે છે. આ પ્રવૃત્તિમાં ખેતમજૂરીનો વ્યવસાય મહત્વનો ગણવામાં આવે છે. બિનાઆદિવાસી સમુદાયનાં ખેડૂતોનાં ખેતરમાં તેમજ પોતાના સમુદાયમાં અસ્તિત્વ ધરાવતી સામાજિક પ્રથાઓનાં ભાગરૂપે ખેતમજૂરીનું કાર્ય જોવા મળે છે. બંધવા મજૂરની સમસ્યા એ ખેતમજૂરીનાં વ્યવસાયમાંથી ઉદ્દભવેલી પરિસ્થિતિ છે. સમાજનાં એક રિવાજ તરીકે આ પ્રકારના ફરજિયાતપણા દ્વારા આવો મજૂર તેના માલિકના ખેતરમાં ખેતમજૂરી કરવા બંધાયેલો હોય છે તે પોતે કામ કરવાની ના પાડી શકતો નથી. પોતાની ઈચ્છા મુજબ એક માલિકને છોડીને બીજા માલિક સાથે જોડાઈ શકતો નથી. પરાધીન મજૂરનો એક પ્રકાર બંધવા મજૂર તરીકે ઓળખાય છે. ગુજરાતમાં આ પ્રથાને 'હાળીપ્રથા' તરીકે ઓળખવામાં આવે છે. હાળીપ્રથામાં માલિક 'ધનિયામો' તરીકે ઓળખાય છે. ગુજરાતમાં દુબળા આદિવાસીઓ ભૂમિહીન ખેતમજૂર તરીકે જીવન જીવે છે. તેઓને હાળી તરીકે ઓળખવામાં આવે છે. ગાંધીજીએ બંધવા મજૂરને દુબળાનાં બદલે હળપતિ નામ આપ્યું હતું. બ્રાહ્મણ દેસાઈ દ્વારા હળપતિઓનું શોષણ થયું.

આદિવાસી સમુદાયમાં આ પ્રકારનાં ખેતમજૂરો અસંગઠીત છે. ઓછું વેતન આપીને તેનું શોષણ કરવામાં આવે છે. વેઠપ્રથા પર કાનૂની પ્રતિબંધ હોવા છતાં અનૌપચારિક રીતે લાચારીના સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. આ ખેતમજૂરો પોતાની આર્થિક સ્થિતિ સુધારવા અને રોજગારી મેળવવા સ્થળાંતર કરે છે. ભારતનાં કેટલાક વિસ્તારોમાં બંધવા મજૂર અર્ધગુલામ જેવી સ્થિતિમાં જીવન વિતાવે છે. બંધવા મજૂરને અંગ્રેજીમાં (**Bonded Labour**) તરીકે ઓળખવામાં આવે છે. બંધવા મજૂરમાં માલિક નોકર સંબંધ હોય છે. તેમાં શાહુકાર અને દેણદાર વચ્ચેનાં સંબંધ મુખ્ય હોય છે. મજૂર દેણદાર અને માલિક લેણદારની ભૂમિકા ભજવે છે. મજૂરે તેના ધિરાણ આપનાર માલિકનું અનિવાર્યપણે ખેતીકામ કરવું પડે છે. કામ કરવા માટે મજૂર બંધાયેલો હોય છે. તેમાં માલિકની ઈચ્છાને પ્રાધાન્ય આપવામાં આવે છે. મજૂરને માલિકની ઈચ્છાને આધિન કામ કરવાનું હોય છે.

ભારતના કેટલાક વિસ્તારોમાં આદિવાસી અને બિનઆદિવાસી સમુદાયોમાં એક યા બીજા સ્વરૂપે આ પ્રથા ટકી રહી છે. ભારતનાં બંધારણમાં ૧૯૭૬માં બંધવા મજૂર નાબુદી અધિનિયમ ઘડવામાં આવ્યો છે. જેના દ્વારા બંધવા મજૂરની નાબુદી કરવામાં આવી છે. વર્તમાનપત્રનાં અહેવાલ અનુસાર ભારતમાં બંધવા મજૂર તરીકે ઓળખાતા વેઠિયા મજૂરોની સંખ્યા ૨.૩૦ લાખ કરતા પણ વધુ જોવા મળે છે. સ્વામી અગ્નિવેશનના મતાનુસાર સમગ્ર દેશમાં વેઠિયા મજૂરોની સંખ્યા ૫૦ લાખ જેટલી છે. અગ્નિવેશે સ્થાપેલી સ્વૈચ્છિક સંસ્થા લેણદાર તેના દેણદારનું વિભિન્ન રીતે શોષણ કરે છે, જેમ કે ઊંચા વ્યાજ દ્વારા, વચેટિયા દ્વારા, લેણદાર તેના દેણદાર પાસેથી જંગલની પેદાશ મફતમાં મેળવીને, ઓછી કિંમતે વસ્તુ કે ઉપજ મેળવીને, મફત કામ/કાર્ય કરાવીને, અન્ય પ્રકારની વેઠ કરાવીને, જમીન પડાવી લઈને લેણદાર તેના દેણદારનું શોષણ કરે છે. આ શોષણ તેની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે લાચાર દેણદાર આદિવાસી તેના કૃષક શાહુકારનો હાળી કે બંધવા મજૂર બની જાય છે અથવા તેવી સ્થિતિમાં મુકાઈ જાય છે અથવા શાહુકારે જમીન પડાવી લીધા પછી તે ખેતમજૂર બની જાય છે. બંધવા મજૂરોની અને ખેતમજૂરોની આદિવાસી સ્ત્રીઓ તેના લેણદાર શાહુકાર, જમીન માલિક અને મજૂર કોન્ટ્રાકટરો દ્વારા જાતીય શોષણનો ભોગ બનતી હોવાના કિસ્સા પણ બને છે.

આદિવાસીઓ સહકારી મંડળીઓ, વાણિજ્ય બેંકો, ગ્રામ વિકાસ બેંકો કે સરકાર તરફથી તગાવી સ્વરૂપે ધિરાણ મેળવે છે તે ધિરાણ આદિવાસીઓને તેમનો વિકાસ સાધવામાં અને આત્મનિર્ભર બનવામાં સહાયરૂપ થાય છે. તેમાં ઓછું વ્યાજ હોય છે અને શોષણ થતું નથી. પરંતુ તેઓ શાહુકાર, વેપારી કે સમૃદ્ધ કિસાન પાસેથી ધિરાણ મેળવે છે ત્યારે તેમનું શોષણ થાય છે. આવા શાહુકારો પાસેથી તેઓ સામાજિક પ્રસંગો માટે, નિર્વાહ ચલાવવા માટે કે ઉત્પાદક હેતુ માટે ધિરાણ મેળવતા હોય છે. આવા શાહુકારો સાથે દેણદારનો સંબંધ પેઢી-દર-પેઢી ચાલ્યો આવતો હોય છે. તેની પાસેથી ધિરાણ મેળવવું સરળ અને ઝડપી હોય છે. આવા શાહુકારો દ્વારા આદિવાસીઓનું મહત્તમ શોષણ થતું રહ્યું છે. હાળી પ્રથા (બંધવા મજૂરની પ્રથા) આવી શાહુકારી પ્રથાનું પરિણામ છે. કાયદા દ્વારા હાળીપ્રથા સમગ્ર દેશમાંથી નાબૂદ કરવામાં આવી છે. બંધવા મજૂરો શોધી કાઢીને તેમનું પુનર્વસન કરવાનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે પરંતુ હજુ આ પ્રથા સંપૂર્ણપણે નાબૂદ થઈ નથી તેમ અભ્યાસીઓ માને છે. ધિરધારના ધંધાનું નિયમન અને નિયંત્રણ કરવા માટે તેમજ લેણદાર-દેણદારના સંબંધોનું નિયમન કરવા માટે દેશના જુદાં જુદાં રાજ્યોએ નાણાંની ધીરધાર કરનારાઓ બાબતના કાયદા અમલમાં મૂકેલાં છે. પરંતુ આ કાયદા અસરકારક નીવડી શક્યા નથી. આદિવાસી વિસ્તારોમાં વિભિન્ન પ્રકારની સહકારી મંડળીઓની સ્થાપનથી તેમના શોષણની સમસ્યા હલ કરવા પ્રયાસ થઈ રહ્યો છે અને સહકારી ધિરાણ મંડળીઓ તેમાં અસરકારક રહી છે.






## અરવલ્લી આરોગ્ય તંત્ર એટલે 'જાદુગર

# કોરોનાના આંકડાઓ છુપાવવામાં રાજ્યમાં અવ્વલ..!!

સંજય શર્મા દ્વારા

અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધતા કહેર વચ્ચે હવે આરોગ્ય વિભાગ જાણે કોરોના સંક્રમણનો શિકાર થયું હોય તેવું લોક ચર્ચાએ જોર પકડ્યું છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાના કેસ વધી રહ્યા છે, પણ આરોગ્ય વિભાગ આંકડા છુપાવી રહ્યું છે. વહીવટી તંત્રની દેખરેખ નીચે હવે આરોગ્ય વિભાગ અભ્યાસુ બની ગયું છે. શરૂઆતમાં અરવલ્લી જિલ્લામાં કોરોનાના આંકડાઓ આપવામાં આરોગ્ય વિભાગ સજાગ હતું, પણ જેમ જેમ જિલ્લામાં કોરોનાનો કહેર વધ્યો તેમ તેમ સંક્રમણ જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી તેમજ આરોગ્ય વિભાગમાં પણ પ્રસર્યુ, જેથી હવે આંકડાઓ કોરોનાના સંક્રમણમાં આવી ગયા હોય તેવું લાગી રહ્યું છે.

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પંચાયતની આગેવાનીમાં આરોગ્ય અધિકારીઓ પહેલા આંકડાઓ સંપૂર્ણપણે આપતા હતા, પછી ધીરે ધીરે તાલુકાની માહિતી બંધ કરી, એટલે ઓછુ પડતું હતું તો મૃતકોના આંકડા આપવાના બંધ કરી દીધા, એટલું જ નહીં હવે તો પોઝિટિવ કેસના પણ આંકડા જાહેર કરવાનું બંધ કરી દીધું હોય તેવું લાગી રહ્યું છે. આંકડાની માયાજાળમાં આરોગ્ય વિભાગ હવે ગોથા ગાઈ રહ્યું છે, જેથી અધિકારીઓ હવે આંકડાને છુપાવવના જાદુગર બની ગયા છે. જિલ્લામાં કોરોનાના સતત વધતા કહેરને લઈને પણ તંત્ર દ્વારા કોઈ જ નક્કર પગલાં લેવાતા નથી અને કામગીરીની ઉણપને છુપાવવાના કાવતરા ઘડાઈ રહ્યા હોય તેનું પણ હવે લોકો ચર્ચા કરી રહ્યા છે. આરોગ્ય વિભાગને આંકડા જાહેર કરવામાં વાંધો શું આવે છે, તે હજુ સુધી કોઈ સમજી શક્યું નથી.

જિલ્લાનું આરોગ્ય વિભાગ એટલી હદે કથળી ગયું છે કે, જિલ્લાની જનતાને વિશ્વાસ રહ્યો નથી અને સારવાર કરાવવા માટે અમદાવાદ, વડોદરા કે ગાંધીનગર સુધી જવાનો વારો આવ્યો છે, કારણ કે, જે તંત્ર આંકડા છુપાવી જાદુગર બની શકે તે કંઈપણ કરી શકે છે, માટે જનતા હવે પોતાની રીતે સારવાર કરાવી આત્મનિર્ભર બની રહી છે, પણ તંત્રને કશુ જ દેખાતું ન હોય તેવું લાગી રહ્યું છે.

આરોગ્ય વિભાગ તબક્કાવાર આંકડાઓ બંધ કરીને સાબિત શું કરવા માંગે છે, તે હજુ સુધી કોઈ સમજી શક્યું નથી, પણ અહીં સવાલ એ થાય છે કે, આંકડા જાહેર નહીં કરાય તો શું કોરોનાના કેસ આવતા બંધ થશે? શું મૃત્યુઆંકમાં ઘટાડો થશે,, કે પછી કોરોનાનું સંકટ ટળી શકશે ? જો કોરોનાના આંકડા જાહેર કરવાથી આ બધુ થઈ શકતું હોય તો આંકડા જાહેર કરવા હિતાવહ નથી. આરોગ્ય વિભાગ આંકડા જાહેર નથી કરતું પણ હવે લોકો સમજી ગયા છે કે, કોરોના પોઝિટિવ કેસનો આંક કેટલે પહોંચ્યો છે, જેથી સોશિયલ મીડિયામાં રોજે-રોજ આંકડાઓ આવી જ જાય છે, જે કદાચ વહીવટી તંત્ર તેમ આરોગ્ય વિભાગ પાસે પહોંચી જતા હશે. સોશિયલ મીડિયા પર ચાલતા કોરોનાના આંકડાથી કહી શકાય કે, જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગે જનતાને 'આત્મનિર્ભરલ્ર બનાવી દીધા.

# સાબરકાંઠા જિલ્લામાં કારખાનેદારોએ પોતાના એકમમાં કામે રાખેલ મજૂરોની વિગત પોલીસને આપવાની રહેશે

સાબરકાંઠા જિલ્લામાં ઘરફોડ ચોરીના બનાવોમાં પકાડાયેલા પરપ્રાંતિય આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ વિવિધ કારણોસર મજૂરીકામ મેળવી ગ્રામ્ય વિસ્તારોમાં રોકાણ (મૂકામ) કરતા હોય છે અને આજુ-બાજુની પરિસ્થિતિનો સર્વે કરી ગુન્હાઓ આચરતા હોય છે. અને ગૂન્હા આચરીને ભાગી જતા હોય છે જેને કારણે આવા ગૂન્હાઓ વણશોધાયેલા રહે છે. આ સંજોગોમાં જાહેર જનતાના જાન-માલ અને મિલ્કતની સલામતી તથા સુરક્ષા માટે શ્રી સી.જે. પટેલ, જિલ્લા મેજીસ્ટ્રેટ,સાબરકાંઠા જિલ્લા દ્વારા જારી કરાયેલા હુકમો મુજબ, સમગ્ર જિલ્લામાં તમામ કારખાનેદારો મકાનબાંધકામ બિલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરાઉદ્યોગ, ખેતીકામ તથા અન્ય ઉદ્યોગો વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો કે ભાગીયા હાલ કામ પર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કે ભાગીયા, કર્મચારીઓ કારીગરો,મજુરોની હકિકત તેયાર કરી નીયત પત્રકમાં સબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી પંદર દીવસમાં આપવાના રહેશે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

ઉપરોકત મુદ્દા મુજબના બાયોટેડાની સી.ડી./માહિતીનુ રજીસ્ટ્રર તૈયાર કરી માહિતી/ સી.ડી. સબંધિત પોલીસ સ્ટેશનમાં રજુ કરી પહોંચ મેળવી પોતાની પાસે રાખવા આ જાહેરનામાંથી હુકમ કરાયા છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

# સાબરકાંઠા જિલ્લામાં મકાન-દુકાન ભાડે આપતા પહેલા પોલીસને જાણ કરવી

સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઔધોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતી સાથે સંકળાયેલ કોઈ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/ દુકાન/ઔધોગીક એકમોની જગ્યા લઈ સ્થાનિક માણસો સાથે ભળી જઈ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી સી.જે પટેલ તેમને મળેલ સત્તાની રૂએ સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ મકાન/ દુકાન/ઔધોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને નીચે મુજબની વિગતો સહની જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન/દુકાન/ ઔધોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહીં. ભાડે આપેલ મકાન/દુકાન/ ઔધોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આ જાહેરનામું તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

# દેશમાં દરેક સમાજ પોતાના અસ્તિત્વ અને સન્માનની લડાઈ લડી રહ્યો છે ત્યારે માત્ર આદિવાસી કેમ ચૂપ છે?

દેશનો વર્તમાન પ્રવાહે અત્યારે જે દિશા પકડી છે તે દેશના ભવિષ્ય માટે ઘાતક નીવડશે તેમાં કોઈજ શંકાને સ્થાન નથી. દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ દેશના પ્રજા માનસમાં દેશહિત કે દેશપ્રેમની ભાવના નિર્માણ થવાના બદલે માત્રને માત્ર જાણે પોતાની જાતિ અને સમાજનું રાજનીતિક વર્ચસ્વ વધારવાના પ્રયાસ થઈ રહયા હોય તેમ સ્પષ્ટ જણાઈ આવે છે. રાજસ્થાનમાં ગુર્જર જાતિના લોકોએ પોતાને અનુસુચિત જનજાતિમાં સમાવેશ કરવા આંદોલન શરૂ કર્યું. તેમાં સફળતાના કોઈજ અણસાર ન દેખાતા વધુ ઉગ્રતાથી ગુર્જર આંદોલન ચાલ્યું. દિલ્હી થી મુબઈ માર્ગ બ્લોક કરવામાં આવ્યો. ઠેર ઠેર ઉગ્ર દેખાવો થયા. પોલીસ સાથેની અથડામણમાં ૭૦ વ્યક્તિઓએ જાન ગુમાવ્યા. રાજસ્થાન સરકારે ગુર્જર સમુદાયની અનામતની માંગણી સ્વીકારી રાજસ્થાન વિધાનસભામાં એક વિધેયક પણ પસાર કર્યું પણ રાજસ્થાન હાઈકોર્ટે તેના પર રોક લગાવી હતી. ગુર્જરોના આ આંદોલન પાછળ મુખ્ય હેતુ રાજસ્થાનની રાજનીતિમાં પોતાનો વટ ઉભો કરવા માટેનો જ છે. મનોહરલાલ ખટ્ટર હરિયાણા મુખ્યમંત્રી બન્યા તે પહેલાં હરિયાણાની રાજનીતિ પર જાટ સમુદાયનો દબદબો હતો તે તૂટતાં રાજનીતિક સ્વમાન ભંગ થયાનો અહેસાસ થયો હોય તેમ રાજ્યનો જાટ સમુદાય જાણે એકા એક ગરીબ બની ગયો હોય તેમ જાટ અનામતની માંગણી સાથે ભારે દેખાવો કરવા લાગ્યા ઉગ્ર હિંસા કરવા લાગ્યા, અંદોલનની આડમાં બળાત્કાર જેવી અમાનવીય ઘટનાઓ પણ બની. મહારાષ્ટ્રના ઔરંગાબાદથી શરૂ થયેલા મરાઠા આંદોલને ધીરે ધીરે સમસ્ત રાજયમાં ભારે જોર પકડ્યું. મરાઠા આંદોલનકારીઓની મુખ્ય ત્રણ માંગણીઓ હતી. કોપરડી બળાત્કાર કાંડના આરોપીઓને ફાસી આપવામાં આવે, એમ કહેવાય છે કે આ ઘટનાનો આરોપી દલિત જાતિના લોકો પર હતો. બીજી માંગણી એ હતી કે એટ્રોસીટીનો કાયદો નાબુદ કરવામાં આવે. ત્રીજી માંગણી એ હતી કે નોકરી અને શૈક્ષણિકમાં અનામતનો લાભ મળે. મરાઠાઓના આ આંદોલન પાછળનો હેતુ દલિત સમાજનો વિરોધ અને રાજ્યમાં મરાઠા રાજનીતિને મજબુત બનાવવાનો હતો ગુજરાતમાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી બન્યા તે પહેલાં પાટીદાર સમાજનો રાજકીય દબદબો હતો. નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી પદે દિલ્હી ગયા પછી જાણે પાટીદારોને ખુલ્લું મેદાન મળી ગયુ હોય તેમ પોતાના સમાજનો રાજકીય દબદબો પુનઃ ઉભો કરવા માટે પાટીદાર અનામત આંદોલન શરૂ કર્યું. રાજ્ય દેશ અને આંતર રાષ્ટ્રીય સ્તરે ખેતી, ધંધા, વેપાર અને ઉદ્યોગ જગતમાં અગ્રેસર પાટીદાર સમુદાય જય સરદાર, જય પાટીદાર સમાજ પોતે ગરીબ છે, અમને પણ અનામત આપો તેમ કહી હાથમાં થાળી અને વેલણ સાથે ઉતરી આવ્યો. એ નથી સમજાતું કે ગુજરાત વિધાનસભામાં સૌથી વધુ સંખ્યામાં પ્રતિનિધિત્વ કરનાર અને સરકારના મંત્રીમંડળમાં મહત્વના પદ ધારણ કરનાર પાટીદાર સમાજ એકા એક ગરીબ કેવી રીતે બની ગયો ? જાણકારોનું એવું માનવું છે કે પાટીદાર આંદોલન એ પાટીદાર સમાજના ગરીબો માટે નહી, પણ પાટીદાર સમાજના રાજકીય ગરીબોની ગરીબી દુર કરવાની લડતથી વિશેષ કઈજ નથી. પણ એક ગંભીર બાબત એ ધ્યાનમાં આવે છે કે દેશમાં ભલે વસુદેવ કુટુંબ, વિશ્વ કલ્યાણ, જીવ માત્રમાં શિવ કે પછી સમાનતા અને સદભાવનાની વાતો થતી હોય, ઉપદેશો અપાતા હોય પણ આપણા દેશનો કોઈ વ્યક્તિ હોય કે સમાજ બતાવવાના અને ચાવવાના જુદા છે તે સ્પષ્ટ જણાઈ આવે છે. પોતાના સમાજના ગરીબો માટે અનામત માંગની વાત હોય કે પછી સમાજના સન્માનની વાત હોય, આજે દેશનો દરેક સમાજ રાજનીતિમાં પોતાનો દબદબો ઉભો કરવા પ્રયાસ કરી રહ્યો છે.

દેશના આ વર્તમાન પ્રવાહને દેશ કે રાજ્યની આદિવાસી પ્રજા ક્યારે સમજશે ? સૃષ્ટિના સર્જનથી તે આજદિન સુધી અનેક પ્રકારના શોષણ,અન્યાય, અત્યાચાર, ભ્રષ્ટાચારનો ભોગ બન્યા પછી પણ એક મુકપ્રેક્ષકની જેમ તમાશો કેમ જોયા કરે છે ? જે આદિવાસી પ્રજા અંતરિયાળ વિસ્તારમાં રહે છે, ગરીબ અને અજ્ઞાન અને રાષ્ટ્રીય પ્રવાહોથી વાકેફ નથી તેના પ્રત્યે કોઈ ફરિયાદ નથી પણ જે શ્રિક્ષિત છે, નાની મોટી નોકરી કરે છે નોકરીની ખુરશી પર બેસી આખો દિવસ મોબાઈલમાં મંડ્યા રહે તેવા આપણા આદિવાસીની પણ ચુપકીદી આદિવાસી સમાજના ભવિષ્ય માટે ચોક્કસ ઘાતક સાબિત થઈ શકે છે.

# ૯ ઓગસ્ટ "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉવજણી કેમ ઉજવવામાં આવે છે

આવો સૌ ભાઈઓ તેમજ બહેનો બધા જ મતભેદ ભૂલી જઈને એક થઈ આપણા ભજનો, લોકગીતો, લોકનૃત્ય, સત્સંગ, પ્રેરક પ્રવચનો દ્વારા મહિમા ગાઈને સંગઠીત થઈ આપણા સમાજના વિકાસ માટે જાગૃતિ લાવીએ. પોતાના તન-મન-ધન થકી સમાજની સેવા કરીને સમાજનું ઋણ અદા કરીએ. આજે દરેકને એ વાતનું ગૌરવ હોવું જોઈએ કે આપણો જન્મ આદિવાસી સમાજમાં થયો છે તેનું સ્વાભિમાન હોવું જોઈએ.

વિશ્વના આદિવાસીઓને માનવ અધિકારો અપાવવા વર્ષ ૧૯૮૨માં સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) દ્વારા એક સમિતિની રચના કરેલ અને તેની પહેલી બેઠક ૧૯૮૨ની ૯મી ઓગસ્ટે મળેલ યુનો દ્વારા ત્યારબાદ ૧૦ વર્ષ પછી ૧૯૯૨માં રિયો-ડી-જાનેરો, બ્રાઝીલ ખાતે પૃથ્વી પરિષદનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૬૮ જેટલા દેશોના ૪૦૦ જેટલા આદિવાસી આગેવાનોએ ભાગ લીધેલ. તેઓએ વિશ્વ સમાજ સમક્ષ આદિવાસીઓ અને પ્રકૃતિને બચાવી લેવાના વૈશ્વિક જાગૃતિ અભિયાન માટે અપીલ કરેલ. જેના અનુસંધાને ૧૯૯૩ના વર્ષમાંયુનો દ્વારા સમિતિના ૧૧માં અધિવેશનમાં ૧૯૯૩ના વર્ષને વિશ્વ આદિવાસી વર્ષ તથા યુનોની સમિતિની પ્રથમ બેઠક ૯મી ઓગસ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવાની ઘોષણા કરેલ. આમ ૧૯૯૪ થી દર વર્ષની ૯મી ઓગસ્ટે સમગ્ર વિશ્વ દ્વારા વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવાણી કરવામાં આવે છે.

આમ આપણી ભવ્ય સંસ્કૃતિ એ આપણી ગૌરવવંતી ઓળખ છે, આપણા રાષ્ટ્રીય અનો આંતરરાષ્ટ્રીય હક્ક-અધિકારો પણ આપણી સંસ્કૃતિ તથા રૂઢી પરંપરાઓ થકી જ જળવાયેલા હોય, આપણે પણ આપણા ઘર, ગામ, વિસ્તાર, પ્રદેશમાં આપણા આદિવાસીઓના આ ગૌરવપૂર્ણ દિવસની રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, આર્થિક, સામાજિક, પ્રાદેશિક અંગત કે અન્ય મતમતાંતરો કે ભેદભાવો ભૂલીને વિશ્વ આદિવાસી દિવસની માનભેર ઉજવણી કરીએ તથા આપણી ઓળખ, અસ્તિત્વ અને એકતા ટકાવી રાખવામાં આપણું અમુલ્ય યોગદાન આપીએ. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી સમગ્ર આદિવાસી વિસ્તારના ગામેગામે તથા ઘરે ઘરે એક સાથે એક સમાન કરીએ.

# ૯ ઓગસ્ટ કો

જગત મેં ફિર સે લહરા દો ઝંડા
આદિવાસી આન-બાન-શાન કા
એક બાર ફિર જાગ ઉઠો ! મેરે આદિવાસી સપૂતો
બિરસા મૂંડા જૈસા ફિર સે સ્વાભિમાન દિખા દો
પૂંજા ભીલ જૈસી ફિર સે વિરતા જગા દો
હલ્દીઘાટી જૈસા એક નયા ઘાટ બના દો
તાતિયા ભીલ જૈસા ઓર એક ધમાક કર દો
ખાજ્યા નાયક, ભીમા નાયક ઝલકારી દેવી જૈસા
ફિર સે પરાક્રમ દિખા દો
અબ જયપાલસિંહ મુંડા જૈસે હથિયાર બન કે દિખા દો
દઢવાવ માનગઢ ભૂલા જૈસી ફિર સે
આદિવાસી ક્રાંતિ કી જ્યોત જલા કે દિખા દો
શોષણ, અત્યાચાર કે ખિલાફ લાંબડીયા જૈસા
આદિવાસી વિદ્રોહ ફિર સે દિખા દો
અબ કહ દો ઠગ ઢોંગી પાખંડીઓ સે
આદિવાસી પ્રદેશ નહીં હૈ આપકે બાપ કા
૯ અગસ્ત કો કહ દો સબ ઠગ ઢોંગી - પાંખડીઓ સે
આદિવાસી પ્રદેશ હૈ હમારે બાપ કા
અબ છોડને કી તૈયારી કરો હમારા આદિવાસી પ્રદેશ

જગદીશ તરાલ

# સુપ્રિમ કોર્ટના સમતા જજમેન્ટ-૧૯૯૭ અમલમાં લેવા આદિવાસી સમુદાયની માંગ

દેશની ઉચ્ચ ન્યાયાલય સુપ્રિમકોર્ટ તા. ૧૧-૭-૧૯૯૭ના રોજ આદિવાસી વિસ્તારમાં આવેલ જળ, જંગલ, જમીન, ખનીજ અને અન્ય સંપત્તિ આદિવાસી વિસ્તારમાં રહેતા આદિવાસીઓની છે એવો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. જે ભારત સરકારના આદિજાતિ મંત્રાલયે તેમના પત્રાંક ૧૧૦૧૪/૨/૨૦૦૦/ ટીડીબી/૧/૫/૨૦૦૦ તારીખના પત્રથી ગુજરાત સરકારને અમલ કરવા જણાવેલ છે. જેમાં નીચે મુજબના મુદ્દાઓનો સમાવેશ થાય છે. બંધારણના પાંચમાં શિડ્યુલના પેરા ૫-૨ મુજબ આદિવાસી વિસ્તારમાં આવેલ જમીન- મિલકત આદિવાસી સિવાય અન્ય વ્યક્તિ ધારણ કરી શકે નહીં તેમજ બિન આદિવાસીને તબદીલી પર સંપૂર્ણ પ્રતિબંધ છે. બંધારણના પાંચમા શિડ્યુલના મતે 'પરસન'ની વ્યાખ્યામાં સરકારનો પણ સમાવેશ થાય છે. જેથી સરકાર પણ આદિવાસી વિસ્તારની જમીન બિન આદિવાસીને ફાળવી શકે નહી. તેમાં માત્ર આદિવાસી વ્યક્તિઓનો જ હક્ક છે. સરકાર ખનીજ માટેની ખાણો કે ક્વોરીઓ સરકારી નિગમ અથવા આદિવાસી સંચાલિત સહકારી મંડળીઓને જ આવી લીઝ આપી શકે. સુપ્રિમ કોર્ટ એમ પણ આદેશ આપેલ છે કે રાજ્યમાં તેમના કાયદાઓમાં આદિવાસી વિસ્તારમાં માઈનીંગ લીઝનો સંપૂર્ણ પ્રતિબંધ ન હોય તો સચિવોની કમિટી અને કેબીનેટ સબ કમિટિનું ગઠન કરીને તેના તાત્કાલિક નિર્ણય લેવો. માઈનીંગ લીધાની પરવાનગી આપતા પહેલા દરેક રાજય સરકારે કેન્દ્ર સરકારની પરવાનગી લેવી જોઈએ. આ માટેની રાજ્યની પોલીસી કેન્દ્ર સરકારની પોલીસી મુજબ જ હોવી જોઈએ. ઉપરની બધી જ બાબતો સુપ્રિમ કોર્ટના ચુકાદામાં સમાવેશ થાય છે. તેનો કડક રીતે અમલ કરવો.

સુપ્રિમ કોર્ટના ચુકાદાને ૧૭ વર્ષ થવા છતાં કેન્દ્ર સરકારની સૂચના હોવા છતાં ગુજરહાત સરકારે સમતા જજમેન્ટનો અમલ કરેલ નથી તે આદિવાસી પ્રજા માટે દુઃખદ બાબત છે. આ ચુકાદાથી આદિવાસી વિસ્તારની જમીન આદિવાસી પ્રજાના હાથમાં જ હોવી જોઈએ. પરંતુ આદિવાસી પ્રજાનું હિત માટે સુપ્રિમ કોર્ટનું જજમેન્ટનો અમલ નહી થાય તો ભોળી આદિવાસી પ્રજાનું કાંઈ ઊપજે તેમ જણાતું નથી.

# કુદરતી ન્યાય માટે કોર્ટમાં જવાનો દરેક નાગરિકને અધીકાર છે : સુપ્રિમ

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે કાયદા હેઠળ વૈકલ્પિક ઉપાયો ઉપલબ્ધ હોય તોપણ સૈદ્ધાંતિક કુદરતી ન્યાયનો ભંગ થતો હોવાના કિસ્સામાં વ્યક્તિને વડી અદાલતે કે સર્વોચ્ચ અદાલતમાં અરજ કરવાનો અધિકાર છે. દાખલા તરીકે કાયદાની જોગવાઈ હોય કે રાહત માટે વ્યક્તિ સત્તાધારી પંચમાં જઈ શકે છે. પરંતુ વ્યક્તિને એમ લાગે કે સંબંધિત સત્તાવાળા દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતનો ભંગ થયો છે તો ફરિયાદી વડી અદાલત કે પછી સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કરી શકે છે. ફરિયાદી મરિઅમ્મા રોયે કરેળ વડી અદાલત દ્વારા અપાયેલા ચુકાદને પડકારતા કરેલી અપીલને માન્ય રાખતા સર્વોચ્ચ અદાલતે ઉપર મુજબ જણાવ્યું હતું. વડી અદાલતે રોગને જણાવ્યું હતું કે તેમની સમક્ષ રીકવરી ઓફ ડેબ્ટ ડ્યુ ટુ બેન્કસ એન્ડ ફાઈનાન્સ ઈન્સ્ટીટયૂટશન એક્ટ ૧૯૯૩ હેઠળ ફરિયાદના ઉપાયના વિકલ્પ છે. મરિઅમ્મા જાહેર ક્ષેત્રની ઈન્ડિયન બેંક સાથે ધિરાણ સંબંધી વિવાદ ધરાવતા હતા. ફરિયાદીએ સર્વોચ્ચ અદાલતમાં રજૂઆત કરી હતી કે તેમની અરજી રદ કરતા પહેલાં વડી અદાલતે તેમને નોટીસ આપવાની પણ પરવા કરી નહોતી. સર્વોચ્ચ અદાલતે આ તબક્કે જણાવ્યું હતું કે કુદરતી ન્યાયનો ભંગ થતો હોવાના કિસ્સામાં વૈકલ્પિક ઉપાય ઉપલબ્ધ હોય તો પણ વ્યક્તિ અદાલતમાં અરજી કરી શકે છે. અને અદાલત તે ફરિયાદનું નિવારણ કરવાની સત્તા પણ ધરાવે છે.

સુપ્રિમ કોર્ટ વ્યવસ્થા આપી છે કે, હાઈકોર્ટોને નીચલી અદાલતોના ચુકાદાઓની સમીક્ષા અને પુનર્વિચાર કરવાનો હક્ક સંપૂર્ણ અધિકાર છે જેમાં કોઈ વ્યક્તિને આરોપોમાંથી મુક્ત કરી દેવાયો હોય. જસ્ટિસ અરિજિત પસાયત અને મુકુંદમ શર્માની બેન્ચે જણાવ્યું કે, જ્યારે આવા કોઈ ચુકાદા વિરુદ્ધ અપીલ દાખલ કરવામાં આવે તો હાઈકોર્ટને તે પુરાવા અને સામગ્રીનું ફરીથી આકલન, સમીક્ષા અને પુનર્વિચાર કરી પોતાનો નિષ્કર્મ અપવાનો સંપૂર્ણ અધિકાર છે. જેના પર આદેશ આધારિત આપવા જણાવ્યુ કે, આરોપોમાંથી મુકત કરી દેવાના મામલામાં આરોપના પક્ષમાં બે ધારાઓ લાગુ થાય છે. એક તો જ્યાં સુધી વ્યક્તિ દોષિત સાબિત ન થાય ત્યાં સુધી દરેક અરોપોમાંથી મુક્ત કરી દેવાથી નીચલી અદાલત ઉપરોક્ત ધારણાની પુષ્ટિ કરી દે છે. સર્વોચ્ચ અદાલતે આ વ્યવસ્થા હત્યાના પ્રયાસના મામલામાં એક અપીલને ફગાવી દેવામાં આવી છે.

# આદિવાસીઓનો ઈતિહાસ

ઈતિહાસકારોનું માનવું છે કે હજારો વર્ષે પહેલા એશિયા માઈનર પ્રદેશોમાંથી આર્ય પ્રજા ભારતમાં આવી ત્યારે અહીની મૂળ પ્રજા નીદ કિનારે ફળદ્રુપ જમીનમાં ખેતી કરીને જીવતી હતી. આર્યો, મૂળ પશુપાલકો હોઈ, તેમના પ્રદેશમાં દુષ્કાળ પડવાથી ઘાસચારાની શોધમાં ભારત આવ્યા. અહીની ફળદ્રુપ જમીન, નદીઓ અને લીલતરી જોઈને આકર્ષાયેલી આર્ય પ્રજાએ અહી રહેવાનું શરૂ કર્યું અને ધીમે ધીમે મૂળ પ્રજા સાથે તેઓ યુદ્ધ -ઝઘડા કરવા લાગ્યા. આર્ય પ્રજા વધારે મજબુત અને ચાલાક હોવાથી અહીની મૂળ પ્રજાને હરાવી, અમુકને ગુલામ તરીકે પકડ્યા તો અમુક લોકો પકડાયા વગર ગીચ જંગલમાં અને ડુંગરમાં નાસી ગયા. ત્યારબાદ આર્યોએ પોતાની સામાજીક વ્યવસ્થા (જેનું હાર્દ વર્ણ વ્યવસ્થા હતી) ઊભી કરી અને કારભાર કરવા લાગ્યા. આ વ્યવસ્થાના સૂત્રદારોએ પોતાની જાતને બ્રાહ્મણ તરીકે ઓળખાવીને પોતાના માટે સૌથી ઉપરનો દરજ્જો આપ્યો. બાકીના લોકોને એમના કામ પ્રમાણે અને બ્રાહ્મણોથી નીચા દરજ્જામાં ક્ષત્રિય અને વૈશ્ય એમ બે વિભાગમાં વહેંચ્યા. એઠલે આર્ય પ્રજાએ પોતાના સમાજને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એમ ત્રણ વિભાગમાં વહેંચી નાખ્યો. વળી પોતાના હાથ નીચેની (મૂળ) પ્રજાને આર્ય પ્રજાએ ગુલામ (દાસ) તરીકે રાખી અને તેમની પાસે વિવિધ પ્રકારના અઘરા અને અણગમતા કામો કરાવવા માંડ્યા. સમય જતાં પકડાયેલી પર્જામાં જેઓએ આર્ય પ્રજાની વ્યવસ્થા સ્વીકારી અને તેમને તાબે થયા. તેમને માટે "શૂદ્રો" તરીકે વર્ણ વ્યવસ્થામાં એક ચોથો વિભાગ શરૂ કરવામાં આવ્યો. પરંતુ જે લોકો આ વ્યવસ્થા સ્વીકિરવા તૈયાર નહોતા કે જેમણે તેનું ઉલ્લંઘન કર્યું હતું તેવા લોકોને આર્યોએ ઉપરના ચાર વર્ણમાંથી અલગ રાખ્યા અને તેમને "અતિશૂદ્ર" (આઉટ કાસ્ટ) તરીકે ઓળખાવ્યા તેમજ તેમની પાસે સફાઈકામ, મડદુ દુર કરવાનું જેવા અણગમતા કામો કરાવ્યા અને તેમની સાથે આભડછેટ રાખીને તેમજ આર્ય લોકોના વસવાટથી તેમને દૂર વસાવ્યા.

નાસી ગયેલા પ્રજા જંગલમાં અને ડુંગરમાં રહેવા લાગી. તેઓ આર્ય પ્રજાના સંબંધ અને અસરથી દૂર પોતાની મૂળ સંસ્કૃતિ તેમજ જીવન પ્રણાલી સાચવીને રહ્યા. તેઓ આજે આદિવાસી તરીકે ઓળખાય છે. આર્યોની જેમ વર્ણ વ્યવસ્થા, ઊંચનીચનો ભેદભાવ અથવા કામનું વિભાજન આદિવાસીઓમાં નહોતા. તેમનામાં કોઈપણ ખોરાક માટે પ્રતિબંધ નહોતો કે આભડછેટ જેવા અસામાજિક દૂષણો નહોતા. તેઓ એકબીજા સાથે સમાનતાથી, સમુહ ભાવનાથી અને કુદરત સાથે સુમેળ સાધીને, કુદરતને ઈશ્વરને માનીને જીવતા એમ મનાય છે. આમ આદિવાસીઓની સંસ્કૃતિ, ધર્મ, સામાજીક વ્યવસ્થા તે આર્યોની સંસ્કૃતિ, ધર્મ અને સામાજીક વ્યવસ્થાથી પહેલેથી જ અલગ અને જુદા હતા. રામાયણમાં અને મહાભારતમાં મુખ્યત્વે આર્ય પ્રજાની વાતો લખવામાં આવી છે એવું મનાય છે. આર્યો અને ભારતની મૂળ પ્રજા વચ્ચેના સંઘર્ષના ઈતિહાસમાં ટેકારૂપે હિન્દુ શાસ્ત્રોમાં "આર્ય નારી", "આર્ય પુરુષ", "આર્ય પ્રજા" જેવા શબ્દોનો ઉપયોગ વાંરવાર થાય છે. અખિલ ભારતીય મૂળ નિવાસી સંકલન મંચના સભ્ય શ્રી બિજોય લખે છે, "રામાયણ, મહાભારત અને પુરાણ જેવા મહાગ્રંથોમાં જંગલ પ્રજા અને હિન્દુઓ વચ્ચેના સંઘર્ષના ઘણા ઉલ્લેખો થાય છે..."રામાયણ ઉપર ઊંડાણથી સંશોધન કરેલા ઈતિહાસના નિષ્ણાતોના મંતવ્ય મુજબ રામાયણમાં ઉલ્લેખ પામલે રાવણ અને તેના અનુયાયી રાક્ષસો તેમજ વાનર પ્રજા- એ બધા ખરેખર આ દેશના મૂળવાસીઓ હતા અને બનતા સુધી આજે મહારાષ્ટ્રમાં રહેતા "ગોન્ડ","સાવરા" અને "કોરક" સમાજના આદિવાસીઓના પૂર્વજો હતા. આજે પણ "ગોન્ડ" વંશના આદિવાસીઓ રાવણને ભગવાન તરીકે માને છે અને રામને જંગલના રાક્ષસોનો (પોતાના લોકોને)મારી નાખનાર તરીકે ઓળખે છે...મહાભારતમાં શ્રી ક્રિષ્ણનું મોત "જરથા" નામના ભીલના હાથે થયું એવો ઉલ્લેખ છે..મહાભારત, રામાયણ, પુરાણ જેવા મહાગ્રંથોમાં આદિવાસીઓને માણસો તરીકે નહી પરંતુ રાક્ષસો, વાનરો (વાંદરાઓ) કે નાગ (સાપ), કાગડા જેવા પ્રાણીઓ તરીકે ઓળખે છે.. વળી જે મૂળનિવાસીઓ આર્યોના તાબે થયા તેમનો દાસ (ગુલામ) તરીકે ઉલ્લેખ થાય છે.

"એકલવ્ય" ની વાર્તામાં પણ હકીકત કંઈક જુદી જ છે. એકલવ્ય ભીલ જ્ઞાતિનો આદિવાસી હતો અને ધનુષ્ય વિદ્યામાં (તીરકામઠા ચલાવવામાં) આર્ય પ્રજાના માનીતા "અર્જુન" કરતા વધારે હોંશિયાર અને નિષ્ણાત હતો.તેથી અર્જુનના સાથીઓએ એકલવ્ય ઉપર હુમલો કરીને તેનો અંગુઠો કાપી નાખ્યો. જેથી તે કદી તીરકામઠા ચલાવી ન શકે. દ્રોણાચાર્યને ગુરૂ દક્ષિણા આપવાની વાર્તા પાછળથી ઉપજાવી કાઢેલી છે એવું મનાય છે. પ્રખ્યાત લેખિકા મહાશ્વેતા દેવીનું માનવું એવું છે કે હિન્દુઓ અને આર્યો આવ્યા પહેલા આદિવાસીઓ આ દેશમાં વસવાટ કરતા હતા. "શિવ" આર્યોના દેવ નહોતા, પાછળથી આદિવાસીઓના જંગલ દેવી પાર્વતનીને શિવના પત્ની તરીકે માનવા લાગ્યા, "કાલી" તે શિકાર કરનાર આદિવાસીઓના દેવ છે તેમાં શંકા નથી" (બીજોય, પીયુસીએલ, ફેબ્રુઆરી ૨૦૦૩) ગમે તે હોય આપણે જાણીએ છીએ કે દુનિયાભરમાં મોટાભાગના આદિવાસીઓ જંગલમાં જ વસે છે. આનું સાદુ સીધું કારણ એ જ છે કે જંગલો એ આદિવાસી જીવનનુંએક જુદુ ન પાડી શકાય તેવું અંગ છે. - ડો. સુભાષ પાંડર

## ૧૦ કરોડના વળતર સુધીની જોગવાઈ

# ૩૪ વર્ષ બાદ ગ્રાહક સુરક્ષા કાયદામાં સુધારો અમલી

૩૪ વર્ષે ભારત સરકાર દ્વારા ગ્રાહક સુરક્ષા ધારો ૧૯૮૬ બદલાયો છે. ત્યારે નવો આવેલો ધારો હવે ભારત ગ્રાહક સુરક્ષા ધારો -૨૦૧૯ નામથી અમલીકરણ બન્યો છે. ૧ કરોડ વળતરની જોગવાઈ સામે હવે ૧૦ કરોડ જોગવાઈ કરવામાં આવી છે. ૩૪ વર્ષે ગ્રાહક સુરક્ષા ધારો બદલાયેલો છે.




નવા કાયદામાં હવે ડિસ્ટિક કમિશનથી ઓળખ મળી છે. ત્યારે ડિસ્ટિક ફોરમ ૨૦ લાખ વળતર જોગવાઈ સામે હવે એક કરોડ જોગવાઈ તેમજ સ્ટેટ કમિશન ૧ કરોડ વળતર જોગવાઈ સામે હવે ૧૦ કરોડ જોગવાઈ કરવામાં આવી છે.

ગ્રાહકો જાહેર હિત માટે હોઈકોર્ટ જોગવાઈ સામે હવે ડિસ્ટિક કમિશનર ફરિયાદની માટેની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ આ મહત્વની જોગવાઈ પ્રમાણે હવે કાયદામાં પ્રોડક્ટ લઈને ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી ઉંચા દાવા કરતી પ્રોડક્ટ સામે કેસની જોગવાઈ કરવામાં આવી છે અને ભેળસેલ સામે અને આરોગ્યની સુરક્ષા ખોરવાઈ છે. તેવી હાનિકારક ચીજવસ્તુઓને વેચાણ સામે દંડ અને સજાની સાથે કાયદો અમલીકરણ બન્યો છે.

ISSN-2454-9622 Dt. 28-07-2020, Tuesday

# યુવા શક્તિ સંગઠન દ્વારા પર્યાવરણ મંત્રીને લેખિતમાં ધારદાર રજૂઆત

**દશમેસ રબર કંપનીમાં આગ લાગી એક મહિનો થવા છતાં આજે પણ અસાધારણ ધુમાડો નીકળી ઝેરી વાયુ પ્રદૂષણ થઈ રહ્યું છે.**
**— એડવોકેટ મિતેશ પટેલ**

પ્રાપ્ત માહિતી મુજબ સરી ગામ જી.આઈ.ડી.સી.માં આવેલ દાશમેસ રબર કંપનીમાં એક મહિના પહેલા ભયાનક આગ લાગી હતી. જે આગના કારણે પર્યાવરણ અને માનવજીવનને પારાવાર નુકશાન થયું હતું. સ્થાનિક પર્યાવરણ મંત્રીઓને લેખિત અને મૌખિક રજૂઆતો વારંવાર કરવામાં આવેલ કે આગને જલ્દીથી કાબૂમાં લેવામાં આવે અને કંપનીના સંચાલકો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. પરંતુ હજુ સુધી કોઈ એવી કાર્યવાહીની જાણકારી મળી નથી. જ્યારે આગ લાગીને એક મહિનો થવા આવ્યો છે તેમ છતાં કંપનીમાં અસાધારણ ધુમાડો ઝેરી વાયુ પ્રદૂષણ થઈ રહ્યાની ફરિયાદ યુવાશક્તિ સંગઠનના પ્રમુખ એડવોકેટ મિતેશ પટેલ દ્વારા પર્યાવરણમંત્રી ગુજરાત સરકાર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન તેમજ પ્રાદેશિક અધિકારીને લેખિતમાં કરી છે. જેમાં તેમણે માંગ કરી છે કે જ્યાં સુધી આવા ઉધોગો પાસે આગ જેવી મોટી દુઘર્ટના પર કાબૂ મેળવવાના નાકે દમ આવી ગયો.

સાધનો ન હોય ત્યાં સુધી કોઈ પણ કાળે ઉદ્યોગો ચાલુ કરવાની પરમિશનો ન આપવી. તેમજ ઉમરગામ તાલુકો આદિવાસી વિસ્તાર તરીકે જાણીતો છે અને અહીં વસતા આદિવાસી સમાજ પર્યાવરણ સુરક્ષાને લઈ એટલા જાગૃત નથી. જેના માટે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા બે વર્ષમાં લોકદરબાર રાખવામાં આવે. લોકદરબારની માહિતીઓ ગામડે જઈને લોકોને આપી જાગૃત કરવામાં આવે અને લોકો ત્યાં જઈને પોતાની ફરિયાદ કરી શકે. જો આમ નહિ કરવામાં આવે તો આવનાર સમયમાં માનવજીવન અને પર્યાવરણ નષ્ટ થશે તેવા સંકેતો આપ્યા હતા.

**આદિવાસી સમાજના દેવ સમાન પ્રકૃતિ પણ નષ્ટ થશે જેમાં શંકાને કોઈ સ્થાન નથી તેમ જણાવી કુદરતી ન્યાય માંગી લેખિત ફરિયાદ કરવામાં આવી.**

# દશામાના વ્રતમાં ફેલાતી અંધશ્રદ્ધાનો વિરોધ કરતું જાથા

આપણા દેશમાં છેલ્લા કેટલાંક વર્ષોથી શ્રાવણ માસની એકથી દસમ સુધી તથા આ વર્ષે તા. ૨૧મી જુલાઈથી ૨૯મી સુધી આરાધ્ય દેવી દશામાના વ્રતનો પ્રારંભ, પૂજન, અર્ચન મહિમા અનેક રીતે ઉજવણી પ્રદેશ પ્રમાણે કરવામાં આવે છે. દશામાના વ્રતનું ગૌરવ, ધાર્મિક અનુસરણ પ્રમાણે વિધિ-વિધાન થાય, ઉજવણી શ્રદ્ધા પ્રમાણે થાય તેનો કદી પણ વિરોધ હોઈ શકે નહીં. સૌને આદર, વંદન, માતાજી તરફ હોય તે સ્વાભાવિક છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દશામાંના વ્રત દરમિયાન અમુક લેભાગુઓ, ભુવા-ભારડી, ભૂઈમા, તકસાધુઓ ચમત્કારિકો શ્રદ્ધાના માહોલમાં યુક્તિ, પયુક્તિ, ચમત્કારો કરી છેતરપીંડી કરે છે. તેનો વર્ષોનો અનુભવ હોય ભારતજન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરી સખ્ત શબ્દોમાં વખોડી વિરોધ કરી ધૂણતી ઢોંગી ભુઈમાંથી સાવધાન રહેવા અપીલ કરવામાં આવી છે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યાએ આ અંગે જણાવ્યું છે કે મંગળવારથી દશામાના વ્રતનો પ્રારંભ થાય છે. દેશમાં શ્રદ્ધાપૂર્વક ધાર્મિક ઉત્સવ ઉજવવો સૌ નાગરિકોને અબાધિત અધિકાર છે. વર્તમાન સમયે કોરોનાએ દેશમાં દસ લાખથી વધુને કોરનાગ્રસ્ત સંક્રમણ બનાવ્યા છે. ત્યારે આ વ્રત ઉજવવામાં સંયમ અને આરોગ્યની જાળવણી રાખવી જરૂરી છે. વ્રતના સ્થાપના-પૂર્ણાહુતિએ શ્રદ્ધાળુઓ ભેગા કરવા નહિ તે સૌના હિતમાં છે. સાદગીથી પોતાના ઘરમાં જ ઉજવણી થાય તે જરૂરી કામગીરી કરે છે. તા. ૨૯મીએ જાગરણના દિવસે મૂર્તિની અવદશા દયનીય જોવા મળે છે. તેમાં ફેરફાર કરવો અતિ જરૂરી છે. પીવાના પાણીમાં કદી પણ મૂર્તિનું વિસર્જન ન કરવું જોઈએ. કોરોના રોગ સામેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

# આદિવાસી શબ્દ ભૂસવા ભાજપે વનવાસી શબ્દ કાઢયો

આદિવાસી સમાજની ઓળખ ભૂસવા માટે બ્રાહ્મણોએ આદિવાસીની જગ્યાએ વનવાસી શબ્દ કાઢયો અને પ્રચલિત કરી દીધો. જે એક મોટું ષડયંત્ર આદિવાસી સમાજ માટે છે. આદિવાસી એટલે આદિ-અનાદિ કાળથી વસતા લોકો જે પૃથ્વી ઉપરના જીવ સર્જન સાથે જન્મેલ જીવ સાથે સરખાવી શકાય. ભારતની સૌથી જૂની સભ્યતા આદિવાસી સમાજમાં આજે પણ અસ્તિત્વમાં છે તેનો મતલબ આદિવાસી જ આ દેશના સૌથી જૂના રહેવાસી છે. એટલે કે પ્રથમ નિવાસી, મૂળનિવાસી છે. આર્ય વિદેશથી આવેલી યુરોપીયન પ્રજા છે જે ભારતના ઈશાન ખૂણેથી સિંધુ ઘાટ થઈને આવેલી પ્રજા છે. જેના અનેક વૈજ્ઞાનિક, સાંકસ્કૃતિ અને ઐતિહાસિક પુરવાઓ છે. ડી.એન.એ. ટેસ્ટમાં પણ આર્યબ્રાહ્મણો યુરોપીયન સાથે ૯૮.૯૬ ટકા મેચ થાય છે. તેની સભ્ય અને સંસ્કૃતિ યુરોપીયનો સાથે મેચ થાય છે. જવાહરલાલ નેહરુએ લખેલી બુક 'ભારત એક ખોજ'માં આર્યબ્રાહ્મણો વિદેશથી આવેલા છે તેના અનેક પુરવાઓ ટાંકયા છે.

મૂળનિવાસી આદિવાસીઓ છે અને આર્યો વિદેશી છે તે વિષયની ચર્ચા દેશવ્યાપી થવાથી ગભરાયેલા આર્યબ્રાહ્મણોએ આર.એસ.એસ. પ્રેરિત ભાજપ સરકારમાં આદિવાસીઓની પોતાની મૂળ ઓળખ ભૂંસી નાખવા અને તેમને જંગલી ગણવા અને મૂળનિવાસી જેવા શબ્દોથી ચાલતા આંદોલનને અટકાવવા તેમજ એસ.સી., એસ.ટી., ઓબીસીના મૂળનિવાસી આંદોલનથી ધ્રુવીકરણ થતું અટકાવી દેવા માટે આદિવાસીઓને અલગ પાડવા 'વનવાસી' શબ્દ આપ્યો છે. જે આદિવાસી સમાજ માટે ષડયંત્ર છે.

આદિવાસી સમાજના નેતાઓએ વનવાસી શબ્દનો વિરોધ કરવો જોઈએ તેમજ બોલનારને અટકાવવા જોઈએ. વનવાસીના બેનરો હટાવી દેવા જોઈએ. જે આદિવાસીની મૂળ ઓળખ ભૂંસી નાખવાના ષડયંત્રનો ભાગ છે જે આદિવાસી સમાજે સાવધાન થઈ સમજવું જોઈએ.

# કેવડિયાના છ ગામોમાં ફેન્સિંગ કરી ખેતી અટકાવવા ખેડૂતોનો આક્રમક વલણ

## ગુજરાતમાં ૫૦ વિવિધ આદિવાસી સંગઠનોએ ઝુંબેશ શરૂ કરી



આદિવાસીઓના ઘરે ઘરે જઈને એક રૂપિયો અને મુઠ્ઠી અનાજ આપી અનોખા વિરોધની શરૂઆત કરવામાં આવી

વિશ્વની ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ બાદ પોતાની વિવિધ માંગોને લઈને સ્થાનિક આદિવાસીઓના વિરોધ વધ્યો છે. સરકારે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિકાસ સત્તા મંડળ કાયદો બનાવ્યો ત્યારબાદ નર્મદા નિગમ દ્વારા એ વિસ્તારના ગામોની જમીન પર તાર-ફેન્સિંગ કામગીરી ચાલુ કરી હતી. એ કામગીરીનો વિરોધ વધતા તંત્રએ હાલ પૂરતી કામગીરી સ્થગિત કરી દીધી છે. નર્મદા નિગમ દ્વારા એ વિસ્તારની જમીનો પર તાર -ફેન્સિંગ કરતા ખેતી પર નભતા આદિવાસી ખેડૂતો માટે કપરો સમય આવી પડ્યો છે.

આદિવાસીઓની મદદ કરવા ગુજરાતના ૫૦ જેટલા વિવિધ આદિવાસી સંગઠનોએ એક મુહિમ ચાલુ કરી છે. આદિવાસી સંગઠનના આગેવાનો ગુજરાતના ઉંમરગામથી અંબાજી સુધીના ૫૫૦૦ જેટલા આદિવાસી ગામોમાં જઈ દરેક ઘર દીઠ ૧ રૂપિયો એક મુઠ્ઠી અનાજ લઈ એકત્ર કરી સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના આદિવાસીઓનું જીવનધોરણ ચાલે એ માટે ઘરે ઘરે જઈ એ વિસ્તારના આદિવાસીઓને આપે છે. આ કાર્યમાં લાખોની સંખ્યામાં આદિવાસસીઓ આ મુહિમમાં જોડાયા હોવાનું આદિવાસી આગેવાનોનું કહેવું છે.

આ મુહિમમાં જોડાયેલા આદિવાસી આગેવાન ડો. પ્રફુલ્લ વસાવાએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના આદિવાસીઓને સરકાર જો ખેતી નહિ કરવા દે તો આખું વર્ષ આદિવાસી સમાજ એમને એમ જવા દેવામાં આવશે. આજે એક જ સંગઠન આદિવાસીઓને વ્હારે આવ્યું છે. પણ આવનારા સમયમાં ગુજરાતના તમામ સંગઠનો આગળ આવશે. સરકાર જો આદિવાસી સમાજને બચાવવાની જવાબદારી સરકારની છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ક્ષેત્ર લડાઈ આદિવાસીઓની પોતાની લડાઈ છે. દેશના ખૂણે ખૂણે અમારી લડાઈનું સમર્થન મળી રહ્યું છે.

# જાહેર અપીલ

આથી આદિવાસી ડુંગરી ગરાસિયા સમાજના સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાના તમામ ભાઈઓ-બહેનો, વડીલો, આગેવાનો, રાજકીય માણસો, સંતો-મહંતોને ખાસ જણાવવાનું કે કોરોના વાયરસને લીધે સરકારશ્રીએ મેળાવાડ કરવાની સખ્ત ના પાડી છે અને તમામ જાહેર કાર્યકર્મો ઉપર પ્રતિબંધ મૂકેલ છે અને અન્ય સમાજમાં બેસણાં-બારમાને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી બંધ રાખતા હોય છે. જ્યારે આપણા સમાજમાં આ બાબતોનો અમલ થઈ રહેલ નથી અને કોરોનાની મહામારી હજુ ટળી નથી અને હાલ ગામડાઓ સુધી પ્રસરી ગઈ છે. તેથી અમારી સમાજ વતી ખાસ વિનંતિ છે કે જેતે ગામના સરપંચશ્રી તથા ગામના આગેવાનોદ પોતાના ગામમાં -વિસ્તારમાં સરકારશ્રીની સૂચનાનો અમલ કરાવે અને ખુબ મર્યાદિત માણસોથી ફક્ત વિધિ કરાવે તેવી ખાસ અપીલ છે. માણસોને ભેગા ન કરવા ખાસ વિનંતિ છે. અર્થાત કોઈ પણ અનિચ્છનીય બનાવ કે ઘટના ઘટે તો તેનો સંપૂર્ણ જવાબદારી ઘર માલીકની રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતિ.

પ્રમુખશ્રી (સુરજભાઈ જે. નિનામા) આદિવાસી ડુંગરી ગરાસિયા જનરલ પંચ સાબરકાંઠા - અરવલ્લી

મહામંત્રીશ્રી આદિવાસી ડુંગરી ગરાસિયા જનરલ પંચ સાબરકાંઠા - અરવલ્લી

**નામાંકિત તબીબોએ શહેરની ગંભીર સ્થિતિ છે તેવું જણાવ્યું**

# ઈન્કયુબેશનનો સમય પૂરો થયો, હવે સમય કપરો, ઘરેથી ન નીકળો

સુરત શહેરના વરિષ્ઠ તબીબો પણ કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે. ડો. અશોક કાપ્સો, ડો. પ્રફુલ્લ છાસટીયા જેવા તબીબોને પણ કોરનો થઈ ગયો છે. શહેરના સૌથી વધુ અનુભવી તબીબો જણાવી રહ્યા છે કે હવે ઈન્કયુબેશનની તારીખ પૂરી થાય છે. ખૂબ કાળજી રાખવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક છે. ૬ જુલાઈથી ૧૯ જુલાઈ સુધીનો સમય આપણે પોતાનું ધ્યાન રાખવું જોઈએ, કારણ કે આપણે વાયરસની ટોચ પર હોઈશું. બે અઠવાડિયા છે સામાન્ય રીતે આ બે અઠવાડિયામાં બધા ચેપ દેખાશે. પછીના બે અઠવાડિયા શાંત રહેશે અને પછીના બે અઠવાડિયા પછી તેમાં ઘટાડો થવાનું શરૂ થાય છે. ઈટાલીમાં જે બન્યુ છે તેમાં ચેપી અઠવાડિયાની ત્યાં અવગણના કરવામાં આવી હતી અને તેથી જ બધા કેસ એક સાથે બહાર આવ્યા હતા.

આજે લોકોએ ગંભીરતા છોડી દીધી છે. તમને એવું લાગે છે કે કોરોના જતો રહ્યો છે.ફ ઈન્ફેકટેડ લોકો પણ બિન્ધાસ્ત ફરી રહ્યા છે. ખાનગી તબીબને પણ જો કોઈ બેડ જોઈતું હોય તો મળે એમ નથી. શહેરના સિનિયર્સ ડોકટર્સ સંક્રમિત થઈ રહ્યા છે. તબીબો જ સારવાર કરવા માટે નહીં રહે તો લોકોનું શું થશે ?

હાલમાં જ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન એવી શકયતા વ્યકત કરી છે કે કોરોના વાઈરસ હવાથી પણ પ્રસરી શકે છે. ૧૦૦ વર્ષ પહેલા આવી જ મહામારી આવી હતી. તેમાં બે કરોડ લોકોના મોત થઈ ગયા હતા. આપણે જાતે જ સમજી લેવું જોઈએ કે સ્થિતિ કેટલી ખરાબ છે. જે લોકો વાલ્વવાળું માસ્ક પહેરે છે તે ખોટું છે. તે ઈન્ડસ્ટ્રીયલ કર્મચારીઓ માટે છે.

સેલ્ફ લોકડાઉન કર્યું હોત તો વધુ સારી વાત છે. હાઈરિસ્ક લોકો છે તેનાથી બચવું પડશે. હાઈ રિસ્ક લોકોથી બચવા માટે સેલ્ફ લોકડાઉન કરતા પણ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ પર વધારે ધ્યાન આપવું પડશે. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગથી વધારે ફાયદો થશે.

## વિશ્વ આદિવાસી ગૌરવ દિવસ




**૯મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી ગૌરવ દિવસ**

**નિમિત્તે અરવલ્લી જનજીવનના તમામ વાચક મિત્રો, લેખકો, માર્ગદર્શકો અને સમગ્ર આદિવાસી સમાજને શુભેચ્છા પાઠવે છે. તથા સમગ્ર અરવલ્લી જનજીવન પરિવાર તરફથી સમગ્ર આદિવાસી સમાજને વિશ્વ આદિવાસી ગૌરવ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...**
**સૌજન્ય : અરવલ્લી જનજીવન પરિવાર**

**મો. ૯૮૨૫૫ ૮૬૨૦૭**


ફ્રેન્ચાઈઝી માટે સંપર્ક કરો.
Web Site : www.gctiindia.org
Mo. : 9712339777

GUJARAT COMPUTER TRAINING INSTITUTE®
Organize by UECT, Regd. by Govt. of India
Regd. by Govt. of India N.C.T. New Delhi, India
Regd. by Govt. of Gujarat, India

ગુજરાત સરકારની નવી ભરતી માટે CCC નો કોર્ષ
સરકારશ્રી દ્વારા જાહેર કરેલ અભ્યાસક્રમ મુજબ ભણાવવામાંઆવે છે.

આ સિવાય અન્ય રોજગાર લક્ષી કોર્ષ
Basic, Tally Erp-9, DTP, Web designing, C, C++, Java, DCA, PGDCA, Hardware Networking, Spoken English, Mobile Repairing Course, Etc...

સરકારી કર્મચારીને ગ્રેડેશન માટે CCC ની ટ્રેઈનિંગ આપવામાં આવશે.

- દરેક બેચમાં મર્યાદિત સંખ્યા
- ફ્રી મટીરીયલ તથા બેગ
- કોર્ષના અંતમાં GCTI દ્વારા સરકાર માન્ય સર્ટીફીકેટ
- અનુભવી શિક્ષક દ્વારા શિક્ષણ

100 % રોજગાર લક્ષી કોર્ષ
ફ્રી સ્ટડી મટીરીયલ
ઓનલાઈન વેરીફીકેશન ઉપલબ્ધ

AUTHORIZED TRAINING CENTER
VIJAY COMPUTER EDUCATION CENTER
At Post - Chithoda, Nr. Chithoda Police Chowki,
Ta. Vijaynagar, Dist. Sabarkantha
Pande Ashokbhai K. [ Mo. 94284 10430 ]


Printed, Published and Owned by Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI and printed at Shree Ganesh Offset, A/6, Shubh-Labh Estate, Nr. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380004. Ph. : 079- 25626240. and Published from F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013. Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI